# તંત્રી લેખ......

## બાંગ્લાદેશી હિન્દુઓ સંકટમાં

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ બાંગ્લાદેશમાં દીપુ ચંદ્ર દાસની ક્રૂરતાથી હત્યા કરનારાઓને ન્યાયના કઠેડામાં લાવવા અને ત્યાંના તમામ લઘુમતીઓનું રક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો તે સારું છે, પરંતુ આ પૂરતું નથી. ભારતે લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓના જીવન અને સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બાંગ્લાદેશ પર પણ દબાણ લાવવું જોઈએ. આ ભયાનક, ક્રૂર ઘટનાનો વીડિયો વાયરલ થયા પછી દીપુ ચંદ્ર દાસને માર મારનારા અને તેમના શરીરને બાળી નાખનારાઓની ધરપકડ કરવામાં આવી છે તે સંતોષકારક નથી, કારણ કે આ ભયાનક, ક્રૂર ઘટનાનો વીડિયો વાયરલ થયા પછી આ ધરપકડો થઈ છે.બાંગ્લાદેશમાં હિન્દુઓને કટ્ટરપંથીઓ દ્વારા નિશાન બનાવવામાં આવી રહ્યા છે કારણ કે વર્તમાન પ્રધાનમંત્રી શેખ હસીનાએ ભારતમાં આશ્રય લીધો છે, અને કટ્ટરપંથી શક્તિઓ ભારત વિરુદ્ધ વાતાવરણ બનાવવા માટે આનો ઉપયોગ કરી રહી છે. આ વાતાવરણ ત્યાંના હિન્દુઓ પર સૌથી ખરાબ અસર કરી રહ્યું છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ લાંબા સમયથી જોખમમાં છે. જ્યારે બાંગ્લાદેશની રચના થઈ ત્યારે લગભગ ૧૫-૧૬ ટકા હિન્દુઓ હતા, પરંતુ આજે તેમની સંખ્યા ઘટીને આઠ ટકાથી ઓછી થઈ ગઈ છે. એ હકીકત છે કે પૂર્વ પાકિસ્તાનમાં હિન્દુઓ પર અત્યાચાર ગુજારવામાં આવતો હતો, અને આ પાકિસ્તાની પ્રદેશ બાંગ્લાદેશ બન્યા પછી પણ. કારણ કે ત્યાં અત્યાચાર ચાલુ છે, તેથી તેમનું સ્થળાંતર ચાલુ છે. જો આ પરિસ્થિતિ ચાલુ રહે, તો બાંગ્લાદેશમાં હિન્દુઓને પાકિસ્તાન જેવી જ દયનીય દુર્દશાનો સામનો કરવો પડી શકે છે. બાંગ્લાદેશની વચગાળાની સરકાર હિન્દુઓ સહિત તમામ લઘુમતીઓનું રક્ષણ કરવાનું સતત વચન આપી શકે છે. જો કે, હકીકત એ છે કે શેખ હસીના સરકારને ઉથલાવી દીધા પછી અને મોહમ્મદ યુનુસ દ્વારા તેનું નેતૃત્વ સંભાળ્યા પછી શરૂ થયેલ હિન્દુઓ પરનો અત્યાચાર વચગાળાની સરકારની રચના અને મોહમ્મદ યુનુસ દ્વારા તેનું નેતૃત્વ સંભાળ્યા પછી પણ બંધ થયો નથી. છેલ્લા ૧૬ મહિનામાં બાંગ્લાદેશમાં હિન્દુઓને નિશાન બનાવવાની અનેક ઘટનાઓ બની છે. તેમના જીવન અને સંપત્તિ ઉપરાંત, તેમના મંદિરોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આવું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે આ ઘટનાને અંજામ આપતી કટ્ટરવાદી શક્તિઓને વચગાળાની સરકાર દ્વારા સમર્થન અને રક્ષણ આપવામાં આવે છે. આમાંની કેટલીક શક્તિઓ તો આ સરકારને પણ સમર્થન આપી રહી છે, જેમાં જમાત-એ-ઈસ્લામીનો પણ સમાવેશ થાય છે, જે ભારત વિરોધી વલણ માટે કુખ્યાત છે. ભારતે સમજવું જોઈએ કે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચાર માટે માત્ર ચિંતા વ્યક્ત કરવી પૂરતું નથી. ભારતે આ બાબતમાં આંતરરાષ્ટ્રીય સમુદાયનો સહયોગ અને સમર્થન મેળવવાની પણ જરૂર પડશે.


# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૯૪૯ અને ચાંદીના વાયદામાં રૂ.૫૩૪૧નો ઉછાળોઃ બંને વાયદા ઓલ ટાઈમ હાઈ સ્તરે

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૯૮ની તેજીઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૬૫૫૨.૮૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૪૧૪૮૬.૧૯ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૯૬૯૨.૬૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૩૮૨૫ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.. કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૬૫૫૨.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૪૧૪૮૬.૧૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૧૦.૨૪ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ..૩ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૩૮૨૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૧૮૫.૯૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૯૬૯૨.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૪૮૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૬૧૯૯ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૩૪૮૯૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૪૧૯૬ના આગલા બંધ સામે રૂ.૧૯૪૯ના ઉછાળા સાથે રૂ.૧૩૬૧૪૫ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૧૦ની તેજી સાથે રૂ.૧૦૮૪૮૭ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૨૬ વધી રૂ.૧૩૫૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૧૭ ઊછળી રૂ.૧૩૪૧૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૨૫૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૪૩૬૪ અને નીચામાં રૂ.૧૩૨૫૯૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૨૭૮૦ના આગલા બંધ સામે રૂ.૧૫૦૦ વધી રૂ.૧૩૪૨૮૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૦૯૪૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૧૪૫૮૩ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૨૦૯૪૭૫ના મથાળે અથડાઈ, રૂ.૨૦૮૪૩૯ના આગલા બંધ સામે રૂ.૫૩૪૧ના ઉછાળા સાથે રૂ.૨૧૩૭૮૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫૪૪૨ની તેજી સાથે રૂ.૨૧૪૩૧૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૫૫૨૪ના ઉછાળા સાથે રૂ.૨૧૪૩૧૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૫૮૦.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૭.૪૫ વધી રૂ.૧૧૨૨.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૧.૮ વધી રૂ.૩૦૩.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૧.૩ વધી રૂ.૨૮૫.૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૧૮૧.૮ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૨૨૬.૦૨ કરોડનાં કામકાજ થયાં




હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૮૨ અને નીચામાં રૂ.૩૯૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૮૬ વધી રૂ.૩૯૫૦ થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૧૨૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૦૮ અને નીચામાં રૂ.૫૧૧૪ના સ્તરને સ્પર્શી, રૂ.૫૧૦૫ના આગલા બંધ સામે રૂ.૯૮ વધી રૂ.૫૨૦૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૯૭ વધી રૂ.૫૨૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૦.૫ વધી રૂ.૩૬૭.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૦.૨ વધી રૂ.૩૬૭.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૩૭ના ભાવે ખૂલી, રૂ.૧.૨ ઘટી રૂ.૯૩૦.૧ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૭૩૦ વધી રૂ.૨૫૯૯૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૮૯ના ભાવે ખૂલી, રૂ.૫ વધી રૂ.૨૬૯૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૪૯૨.૩૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૯૨૦૦.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૦૩૫.૮૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૫૯.૨૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮.૦૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૭.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૭.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૦૮.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૦૦.૬૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૯૩૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૮૦૦૪૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૨૦૭૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૩૨૨૩૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૬૫૨૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૨૦૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૨૦૯૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૯૩૨૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૧૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૨૫૩૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૪૫૨૦ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૩૮૯૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૩૮૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૩૩૬૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૦૧ પોઈન્ટ વધી ૩૩૮૨૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૭.૨ વધી રૂ.૧૭૦.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬ વધી રૂ.૬.૮૫ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૧ વધી રૂ.૬૯૨.૫ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૨૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૬૨.૫ વધી રૂ.૨૬૧૦.૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૦ પૈસા વધી રૂ.૭.૮૪ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૪ પૈસા ઘટી રૂ.૧.૦૩ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૨.૨ ઘટી રૂ.૧૨૩.૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૭ ઘટી રૂ.૪.૭ થયો હતો. સોનું ડિસેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૨ ઘટી રૂ.૧૬૮ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૨૦૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૫૮ ઘટી રૂ.૭૪૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬.૭૬ ઘટી રૂ.૫.૦૮ થયો હતો. જસત ડિસેમ્બર રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૩ ઘટી રૂ.૦.૧૮ થયો હતો.

### રોહિત શર્માએ નિવૃત્તિ પર તોડ્યું મૌન

# ૨૦૨૩ના વર્લ્ડ કપ ફાઈનલમાં થયેલા પરાજયથી ભાંગી પડ્યો હતો




(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ખેલાડી અને પૂર્વ કેપ્ટન રોહિત શર્માએ ૨૦૨૩ના ODI વર્લ્ડ કપ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારના દુઃખને યાદ કરીને એક મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે. રોહિતે ખુલાસો કર્યો છે કે તેણે હાર પછી નિવૃત્તિ લેવાનું પણ વિચાર્યું હતું, કારણ કે તે માનસિક અને શારીરિક રીતે સંપૂર્ણપણે થાકી ગયો હતો. રોહિત શર્માએ ૨૦૨૩ના વર્લ્ડ કપમાં કેપ્ટન તરીકે ભારતને શાનદાર શરૂઆત અપાવી હતી. અમદાવાદમાં ફાઈનલ સુધી યજમાન ભારત એક પણ મેચ હાર્યું નહોતું. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન રોહિતે ૧૧ મેચમાં ૫૯૭ રન બનાવ્યા, સરેરાશ ૫૪.૨૭ અને લગભગ ૧૨૬ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા હતા. ફાઈનલમાં ભારતનો સામનો ઓસ્ટ્રેલિયા સામે થયો હતો, જેણે ભારતીય ટીમ સામે પોતાની રણનીતિ ખૂબ જ સારી રીતે અમલમાં મૂકી હતી. ભારત ૫૦ ઓવરમાં ફક્ત ૨૪૦ રન જ બનાવી શક્યું હતું. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ ટ્રેવિસ હેડની ૧૨૦ બોલમાં ૧૩૭ રનની ઈનિંગને કારણે ૭ વિકેટ બાકી રહેતા મેચ જીતી લીધી હતી.

રોહિત શર્માએ કહ્યું કે આ હાર તેના માટે વ્યક્તિગત રીતે ખૂબ જ મુશ્કેલ હતી, કારણ કે ૨૦૨૨માં કેપ્ટન બન્યા પછી તેનું એકમાત્ર લક્ષ્ય ભારતને વર્લ્ડ કપ જીત તરફ દોરી જવાનું હતું. રોહિતે કહ્યું, "દરેક વ્યક્તિ ખૂબ જ નિરાશ હતા અને અમે જે બન્યું તે જોઈને વિશ્વાસ કરી શકતા નહોતા. મારા માટે વ્યક્તિગત રીતે તે ખૂબ જ મુશ્કેલ સમય હતો, કારણ કે મેં આ વર્લ્ડ કપમાં બધું જ લગાવી દીધું હતું, ફક્ત બે કે ત્રણ મહિના માટે નહીં, પરંતુ ૨૦૨૨માં કેપ્ટનશીપ સંભાળ્યા પછી."

તેણે આગળ કહ્યું, "T20 વર્લ્ડ કપ હોય કે ૨૦૨૩ ODI વર્લ્ડ કપ, મારું એકમાત્ર સ્વપ્ન ટ્રોફી જીતવાનું હતું. જ્યારે તે બન્યું નહીં, ત્યારે હું સંપૂર્ણપણે તૂટી ગયો હતો. મારા શરીરમાં કોઈ ઉર્જા બચી નહોતી. મને મારી જાતને એકઠી કરવામાં અને પાછા ફરવામાં થોડા મહિના લાગ્યા."

રોહિત શર્માએ સ્વીકાર્યું કે ભલે તેણે ૨૦૨૪ T20 વર્લ્ડ કપ માટે ઝડપથી તૈયારી કરવી પડી હતી, પરંતુ હારનું દુઃખ એટલું ઊંડું હતું કે તેને લાગ્યું કે તેની પાસે આપવા માટે કંઈ બાકી નથી.

તેણે કહ્યું, "જ્યારે તમે કોઈ વસ્તુમાં એટલું બધું રોકાણ કરો છો અને પરિણામ મળતું નથી, ત્યારે આવો રિસ્પોન્સ એકદમ સ્વાભાવિક છે. મારી સાથે પણ આવું જ થયું. પણ મને એ પણ ખબર હતી કે જીવન ત્યાં સમાપ્ત થતું નથી. તે મારા માટે એક મોટો પાઠ હતોઃ નિરાશાનો સામનો કેવી રીતે કરવો, પોતાને ફરીથી સેટ કેવી રીતે કરવો અને નવેસરથી શરૂઆત કેવી રીતે કરવી."

રોહિતે આગળ કહ્યું, "મને ખબર હતી કે આગામી મોટું લક્ષ્ય ૨૦૨૪ T20 વર્લ્ડ કપ હતું, જે યુએસએ અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાવાનો હતો, અને મારે મારું બધું ધ્યાન તેના પર કેન્દ્રિત કરવાનું હતું. આજે કહેવું સરળ છે, પરંતુ તે સમયે તે ખૂબ જ મુશ્કેલ હતું."

રોહિત શર્મા માટે આખરે બધું યોગ્ય દિશામાં ગયું. તેણે ભારતને ૨૦૨૪ T20 વર્લ્ડ કપ ટાઈટલ સુધી પહોંચાડ્યો અને પછી ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. ૨૦૨૩ની નિરાશાએ ૨૦૨૪ની ઐતિહાસિક સફળતાનો પાયો નાખ્યો.

# માર્ગ સલામતી માસ—૨૦૨૬: ગાંધીનગર જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓએ ચિત્રો દ્વારા આપી માર્ગ સલામતીની જાગૃતિ

'રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ' એ ભારતમાં દર વર્ષે યોજવામાં આવતું અભિયાન છે, જે સામાન્ય રીતે જાન્યુઆરી માસમાં ઉજવવામાં આવે છે. રાજ્યમાં દર વર્ષે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી જુદી-જુદી રીતે કરવામાં આવે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ટ્રાફિકના નિયમો વિશે જનજાગૃતિ લાવવા, અકસ્માતો ઘટાડવા, હેલ્મેટ-સીટબેલ્ટ પહેરવા, ઓવરસ્પીડ ટાળવા તથા નશામાં કે બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ કરતા વાહન ચાલકોને અટકાવવા જેવી સુરક્ષિત ડ્રાઈવિંગ આદતોને પ્રોત્સાહન આપવાનો છે.

ગુજરાતમાં માર્ગ સલામતી માસ – ૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે, ગાંધીનગર જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓએ અશ્વિન પટેલ કોમર્સ કોલેજ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર શહેર અને જિલ્લાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

રાજ્ય સરકાર દ્વારા શાળાના વિદ્યાર્થીઓમાં વિદ્યાર્થીકાળથી માર્ગ સલામતીના ગુણોનો વિકાસ થાય તે માટે ધો.૦૬ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'માર્ગ સલામતી સપ્તાહ' અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વધુમાં આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ હેલ્મેટ અને સીટબેલ્ટનું મહત્વ, ઓવર-સ્પીડિંગના જોખમો, ટ્રાફિક નિયમોનું પાલન, 'રાહ-વીર' યોજના, તેમજ જવાબદાર માર્ગ વર્તન જેવા મહત્વપૂર્ણ માર્ગ સલામતી વિષયો પર કલાત્મક અને વિચારપ્રેરક ચિત્રો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓના ચિત્રોમાં માર્ગ સલામતી પ્રત્યેની સમજ, જવાબદારી અને સર્જનાત્મકતા સ્પષ્ટ રીતે જોવા મળી હતી. આ ઉપરાંત તમામ વિદ્યાર્થીઓએ માર્ગ સલામતી અંગે શપથ લીધા હતા.

ચિત્ર સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ, દ્વિતીય, તૃતિય, ચોથા અને પાંચમાં ક્રમાંક પ્રાપ્ત વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે રોકડ પુરસ્કારો તથા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી દિલીપ રાણા, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના કમિશનર શ્રી સતીશ પટેલ, ડી.પી.ઈ.ઓ શ્રી પીયુષ પટેલ, કડી કેમ્પસના પ્રેસિડેન્ટ શ્રી વી.પી.પટેલ અને યુથ સંયોજક શ્રી પી.કે.વાલેરા સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- પ્રિન્સ ચાવલા

# સાંસદ ખેલ મહોત્સવનો "ફિનાલે અને સમાપન સમારોહ" જૂનાગઢ ખાતે યોજાશે

**માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબ લાઈવ પ્રસારણના માધ્યમથી સાંસદ ફિનાલેના ખેલાડીઓ સહીત દેશના યુવાઓને આ કાર્યક્રમ દરમિયાન સંબોધિત કરશે**

સાંસદ ખેલ મહોત્સવ ખેલમહોત્સવ તા.૧૪/૧૨/૨૦૨૫ના રોજ ભવ્યાતિભવ્ય ઉદઘાટન સમારંભ સરદાર પટેલ રમત સંકુલ, પોરબંદર ખાતે યોજાયેલ હતો. સાંસદ ફિનાલે અને સમાપન સમારોહ જિલ્લાકક્ષા રમત સંકુલ, સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, જુનાગઢ ખાતે તા.૨૫/૧૨/૨૦૨૫ના રોજ માન.મંત્રીશ્રી યુવા બાબતો અને રમતગમત, ભારત સરકાર શ્રી મનસુખ માંડવીયાજીની ઉપસ્થિતિમાં યોજાશે.

૧૧-પોરબંદર લોકસભાનો વિસ્તાર પોરબંદર, રાજકોટ અને જુનાગઢ સહિતનો હોય, પ્રથમ તબક્કો શુભારંભ પોરબંદર જિલ્લામાં મધ્ય તબક્કો તાલુકા અને વિધાનસભા કક્ષાઓ સ્પર્ધા દરમિયાન રાજકોટ જિલ્લામાં અને અંતિમ તબક્કો એટલે સાંસદ ફિનાલે જુનાગઢ જિલ્લામાં યોજવામાં આવી રહ્યો છે. અંતિમ પડાવમાં યોજાનાર સાંસદ ફીનાલેમાં ૭(સાત) વિધાનસભાઓના વિજેતા ખેલાડીઓ અને ટીમો વચ્ચે જુદી-જુદી ૭(સાત) જેટલી પરંપરાગત રમતો સહીતની સ્પર્ધાઓ જુદી-જુદી ૪(ચાર) વયજૂથમાં યોજાશે. જેમાં ૧૮૦૦ જેટલા ખેલાડીઓ ફાઈનલ સ્પર્ધાઓ રમશે. સ્પર્ધા દરમિયાન માન.મંત્રીશ્રી રૂબરૂ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કરશે. સન્માનિત કરશે અને સંવાદ કરશે. ઓલમ્પિક કક્ષાના ભૂતપૂર્વ અને વર્તમાન ખેલાડીઓ સાંસદ ફિનાલે દરમિયાન જુનાગઢ સ્થિત જિલ્લાકક્ષા રમત સંકુલ ખાતે ઉપસ્થિત રહેશે.

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબ લાઈવ પ્રસારણના માધ્યમથી સાંસદ ફિનાલેના ખેલાડીઓ સહીત દેશના યુવાઓને આ કાર્યક્રમ દરમિયાન સંબોધિત કરશે. અને ખેલાડીઓ સાથે સંવાદ કરશે.

આ સાંસદ ખેલ મહોત્સવથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પણ રમતગમત પ્રવૃતિઓને ખુબ વેગ મળશે અને કોમનવેલ્થ ૨૦૩૦ તથા ઓલમ્પિક ૨૦૩૬માં પ્રતિભાગી થઈ અને વિજેતા બનવાની યુવા શક્તિઓને પ્રેરણા મળશે.

જુનાગઢ જિલ્લા સહીત નગરજનોને આગામી તા.૨૫/૧૨/૨૦૨૫ના રોજ આ રોમાંચક સ્પર્ધામાં ભાગ લેવા, નિહાળવા જિલ્લા વહીવટી તંત્ર અને કોર્પોરેશન જુનાગઢના માધ્યમથી માન. મંત્રીશ્રી વતી અચૂક ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવે છે. ફિટ યુવા ફોર વિકસ્તી ભારત યુવા શક્તિનો ઉત્સવ, સાંસદ ખેલ મહોત્સવ" માં (૧) કબડ્ડી (૨) ખો-ખો (૩) યોગાસન (૪) રસ્સા ખેંચ (૫) શુટીંગ વોલીબોલ (૬) કુસ્તી (ફ્રી સ્ટાઈલ) (૭) એથલેટીક્સ (૮) સિક્સ સાઈડ ટેનીસ ક્રિકેટ :- વયજૂથ : (૧) અંડર-૧૭ (૨) અબવ-૧૭ (૩) અબવ-૪૦ (૪) ઓપન એઈજ રમતો રમાડવામાં આવી છે. ૨૫ ડિસેમ્બરે : સાંસદ ફિનાલે સવારે ૦૭:૦૦ કલાકેથી સરદાર પટેલ રમત સંકુલ, ગાંધીગ્રામ, જુનાગઢ ખાતે યોજાનાર છે. જેમાં સૌથી વધુ પોઈન્ટ્સ મેળવનાર વિધાનસભાને ચેમ્પિયન વિધાનસભા જાહેર કરવામાં આવશે. વિજેતા ખેલાડીઓને ટ્રોફી / મેડલથી સન્માનિત કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રતિષ્ઠિત ખેલાડીઓ આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેશે.

# પિતાએ મોબાઈલનો પાસવર્ડ બદલી નાખતાં ધો. ૭ના વિદ્યાર્થીએ ફાંસો ખાધો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના ચંદ્રેશનગર વિસ્તારમાં મોબાઈલ ફોનની લત એક માસૂમ બાળક માટે જીવલેણ સાબિત થઈ છે. સતત મોબાઈલ વાપરવાની આદતને કારણે પિતાએ ઠપકો આપી ફોનનો પાસવર્ડ બદલી નાખતા માઠું લાગી આવતા ૧૨ વર્ષના સગીરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. યુનિવર્સલ સ્કૂલ પાસે રહેતા અને ધોરણ ૭ માં અભ્યાસ કરતા સગીર વિદ્યાર્થીએ પિતા ઘરની બહાર ગયા બાદ છતના એંગલમાં સાડી બાંધી આ અંતિમ પગલું ભર્યું હતું.પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગત મુજબ, ધોરણ ૭માં ભણતો વિદ્યાર્થી શાળાએથી ઘરે આવ્યા બાદ તરત જ મોબાઈલ લઈને બેસી ગયો હતો. રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા પિતા રાકેશભાઈએ તેને ભણવા પર ધ્યાન આપવા માટે ઠપકો આપ્યો હતો અને મોબાઈલનો લોક પાસવર્ડ પણ બદલી નાખ્યો હતો. બપોરના સમયે પિતા રિક્ષા લઈને કામ પર નીકળી ગયા ત્યારે સગીરે ફરી મોબાઈલ લીધો હતો, પરંતુ પાસવર્ડ બદલાઈ ગયો હોવાથી તે ફોન ખોલી શક્યો નહોતો. તેણે માતા પાસે નવો પાસવર્ડ માંગ્યો હતો, પરંતુ માતાએ પોતે પાસવર્ડ ભૂલી ગઈ હોવાનું કહેતા બાળકને આ વાતનું અત્યંત માઠું લાગ્યું હતું.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# મહાપ્રબંધક પશ્ચિમ રેલ્વેએ વડોદરા ડિવિઝનના બે કર્મચારીઓને સંરક્ષા એવોર્ડથી સન્માનિત કર્યા




રેલવેના સંચાલનમાં સંરક્ષા સર્વોપરી હોય છે અને તેને સુનિશ્ચિત કરવા માટે દરેક કર્મચારીની સજગતા અને સતર્કતા અત્યંત મહત્વની ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ વડોદરા મંડળના બે રેલ કર્મચારીઓને તેમના ઉત્તમ કાર્યો બદલ સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. આ પુરસ્કાર નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ફરજ પર રહેલી સ્થિતિમાં તેમણે દાખવેલી સાવધાની અને સંભવિત દુર્ઘટનાઓને સમયસર ટાળી દેવામાં નિભાવેલી મહત્વપૂર્ણ ભૂમિકા બદલ આપવામાં આવ્યા

પુરસ્કાર પ્રાપ્ત કરનાર કર્મચારી (૧) શ્રી નંદન કુમાર ઠાકુર, પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના પખાજન સ્ટેશનમાં સ્ટેશન માસ્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તા. ૨૨.૧૧.૨૦૨૫ના રોજ પોતાના સ્ટેશન પર આશરે ૧૯:૧૫ કલાકે માલગાડી પસાર થતી હતી ત્યારે તેમણે બાઈન્ડિંગની સ્થિતિ જોયી, જે લાલ તપેલા પૈડાં અને સળગવાની આવતી વાસથી સ્પષ્ટ થતી હતી. સુરક્ષા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવતા તેમણે તાત્કાલિક VHF સંચાર દ્વારા લોકો પાઈલટ અને ટ્રેન મેનેજરને માહિતગાર કર્યા. તેમની સમયસર આપવામાં આવેલી જાણના આધારે ટ્રેનને રોકી તપાસ કરવામાં આવી અને બ્રેક બાઈન્ડિંગની સમસ્યાનું સફળ નિવારણ કરવામાં આવ્યું. તેમની સજાગતા અને ત્વરિત કામગીરીના પરિણામે સંભવિત અકસ્માત ટળી ગયો અને ટ્રેન સંચાલનને સુરક્ષિત બનાવવાનું સુનિશ્ચિત થયું.

(૨) શ્રી મુકરાજ મીના 'ગોધરા' ખાતે લોકો પાઈલટ (માલગાડી) ના પદ પર કાર્યરત છે. તા. ૧૪.૧૦. ૨૦૨૫ના રોજ ગોધરા પર ગૂડ્સ ટ્રેન પર કામ કરતી વખતે, વવાદી ખુર્દ–ટિંબા રોડ વચ્ચે લોકો પાઈલટે જોયું કે OHE તાર તૂટી જઈ ઝૂલતી હાલતમાં લટકાઈ રહી હતી. અત્યંત સતર્કતા અને સમજદારી સાથે તેમણે તરત જ ઈમરજન્સી સ્ટોપ પુશ બટન દબાવ્યો, પેન્ટોગ્રાફ નીચે કર્યો અને ફ્લેશર લાઈટ ચાલુ કરી, જેના કારણે ટ્રેન સુરક્ષિત રીતે અટકી ગઈ. અને પછી તેમણે સ્ટેશન માસ્ટર–ટિંબા રોડ અને TRD સ્ટાફ મારફતે TLC/CTOને જાણ કરી, જેમણે આવીને ખાતરી કરી કે OHE સ્ટે ટ્યુબ ઈન્સ્યુલેટર તૂટેલ હતું. જરૂરી સુધારાકાર્ય પછી સેક્શનને આગળની આવાગમન માટે તૈયાર કરવામાં આવ્યું. તેમની તેજ નજર, સમયસર કરેલી કાર્યવાહી અને ઝડપી નિર્ણય ક્ષમતા કારણે પેન્ટોગ્રાફ અને OHEને વધુ નુકસાનથી સફળતાપૂર્વક બચાવી શકાયું, જેના દ્વારા લોકોમોટિવની સુરક્ષા તથા નિરંતર ટ્રેન આવાગમન સુનિશ્ચિત થયું

મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ પુરસ્કાર પ્રાપ્ત કરનારા કર્મચારીઓની સતર્કતાની પ્રશંસા કરતાં જણાવ્યું કે આ તમામ કર્મચારીઓ પોતાના કાર્ય પ્રત્યે સમર્પિત રહીને બીજાઓ માટે પ્રેરણાસ્રોત બન્યા છે.

પશ્ચિમ રેલવેને પોતાના એવા કર્મચારીઓ પર ગર્વ છે જે અસામાન્ય પરિસ્થિતિઓમાં પણ ધીરજ અને સમજદારીથી કામ કરે છે અને રેલ સંચાલનની સુરક્ષા ની ખાતરી આપે છે. આ સન્માન માત્ર તેમના વ્યક્તિગત પ્રયત્નોની પ્રશંસા જ નથી, પણ પશ્ચિમ રેલવેની તે સંસ્કૃતિને પણ પ્રતિબિંબિત કરે છે જ્યાં સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે અમદાવાદ મંડળના ત્રણ કર્મચારીઓને સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ પશ્ચિમ રેલવે મુખ્યાલય, મુંબઈમાં આયોજિત કાર્યક્રમમાં અમદાવાદ મંડળના ત્રણ કર્મચારીઓને ઉત્કૃષ્ટ કાર્ય, સતર્કતા અને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ "મેન ઓફ ધ મન્થ" (નવેમ્બર–૨૦૨૫) સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. સન્માનિત કર્મચારીઓ નીચે મુજબ છે-

૧. શ્રીમતી ભાવના સાકરે, વરિષ્ઠ સહાયક લોકો પાઈલટ, સાબરમતી

તારીખ ૨૮.૧૧.૨૦૨૫ના રોજ શ્રીમતી ભાવના સાકરે ટ્રેન સંખ્યા AFGB/MIGK પર લોકો સંખ્યા ૫૦૦૦૧ સાથે ફરજ પર હતાં. સવારે આશરે ૦૯:૦૫ વાગ્યે સાબરમતી યાર્ડમાં સિગ્નલ S12 પર ઉભેલી ટ્રેનની પાસેથી 'રેલ સ્પેશિયલ રતનગઢ' (લોકો સંખ્યા ૬૦૩૮૬) પસાર થઈ રહી હતી. આ દરમિયાન તેમણે ચાર સ્થળોએ રેલ પાટા (LWR)માં ખિસકાવ જોવા મળ્યો, જે અત્યંત જોખમી હતો.



પરિસ્થિતિની ગંભીરતા સમજીને તેમણે તાત્કાલિક વૉકી-ટૉકી દ્વારા સંબંધિત લોકો પાઈલટ તથા ટ્રેન મેનેજરનો સંપર્ક કરીને ટ્રેનને અટકાવી. તપાસ દરમિયાન પાટા અસુરક્ષિત હોવાનું જણાયું, જેના કારણે સમયસર સંભવિત પાટા પરથી ઉતરવાની ઘટના, મોટા અકસ્માત અને જાનમાલના નુકસાનને ટાળી શકાયું.

૨. શ્રીકૃષ્ણકુમાર, ટેક્નિશિયન ગ્રેડ–II, અમદાવાદ

તારીખ ૦૮.૧૧.૨૦૨૫ના રોજ ટ્રેન નંબર ૧૯૪૧૨ માટે લોકો સંખ્યા ૨૨૩૯૨નું ટ્રિપ નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હતું. ELS/અમદાવાદમાં રૂફ અને ગ્રેવિટી વર્ક સેન્ટર પર કાર્યરત શ્રી કૃષ્ણ કુમારે સૂક્ષ્મ નિરીક્ષણ દરમિયાન PT-2 લોઅર આર્મનો બેરિંગ બોલ્ટ તૂટેલી હાલતમાં જોવા મળ્યો. તેમની સતર્કતા અને ગહન તપાસના કારણે સંભવિત લોકો નિષ્ફળતા, ટ્રેન ડિટેન્શન તથા ઓએચઈને થનારા નુકસાનને સમયસર અટકાવી શકાયું.

૩. શ્રી ભૂપેન્દ્ર સિંહ રાઠૌર, ટ્રેક મેન્ટેનર, સાણંદ

શ્રી ભૂપેન્દ્ર સિંહ રાઠૌર એસએસઈ/પી વે/સાણંદ હેઠળ ગેંગ નંબર–૦૫માં ટ્રેક મેન્ટેનર તરીકે કાર્યરત છે. તારીખ ૦૨.૧૧.૨૦૨૫ના રોજ એલસી નંબર–૨૯ (છારોડી–સાણંદ વચ્ચે) પર ગેટમેન ડ્યુટી દરમિયાન તેમણે ટ્રેન સંખ્યા ૧૯૩૩૩માં થી ધુમાડો નીકળતો જોયો. પરિસ્થિતિની ગંભીરતા સમજીને તેમણે તાત્કાલિક લાલ ઝંડી બતાવી ટ્રેનને અટકાવી. જરૂરી કાર્યવાહી બાદ બ્રેક બ્લોક રિલીઝ કર્યા પછી ટ્રેનને સુરક્ષિત રીતે આગળ રવાના કરવામાં આવી.

અમદાવાદ મંડળને આવા કર્મઠ, સતર્ક અને જવાબદાર કર્મચારીઓ પર ગર્વ છે. આ સન્માન માત્ર તેમની કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા નથી, પરંતુ પશ્ચિમ રેલવેની તે કાર્યસંસ્કૃતિનું પણ પ્રતીક છે, જેમાં સંરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

# ૨૪ થી ૩૦ ડિસેમ્બર સુધી સાબરમતી અને ખોડિયાર વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર ૨૪૦ (ત્રાગડ રોડ ફાટક) બંધ રહેશે

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન પર સાબરમતી અને ખોડિયાર સ્ટેશનો વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર ૨૪૦, કિમી ૭૭૩/૪-૬ (ત્રાગડ રોડ ફાટક) ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યાથી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યા સુધી સમારકામ કાર્ય (AMC રોડ એપ્રોચિંગ અને હાઈટ ગેજ વર્ક) માટે ૭ દિવસ માટે બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન રોડ યુઝર્સ લેવલ ક્રોસિંગ નંબર ૨૪૧ અંડરપાસ ગોદરેજ ગાર્ડન સિટી અને એસ.જી. હાઈવે થઈને મુસાફરી કરી શકશે.


# ફોરેક્સમાં રોકાણ કરીને વધુ નફો મેળવો કહી વૃદ્ધને ૨૭ લાખનો ચૂનો લગાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ચાંદખેડાના વૃદ્ધને શેરબજારમાં અને ફોરેક્સમાં ટ્રેડિંગ કરવાની લાલચ આપીને વધુ નફો કમાવાની લાલચ આપીને તેમને રૂ. ૨૬.૯૮ લાખની ઠગાઈ કરી હતી. જે અંગે વડીલે સાયબર ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ આદરી છે. ઉલ્લેખનીય છે કે વડીલોને ટાર્ગેટ કરીને સાયબર માફિયા લાખો રૂપિયાની ઠગાઈ કરી રહ્યા છે. ચાંદખેડામાં રહેતા અમિતાભ ડાંગી નિવૃત્ત જીવન વિતાવે છે. અમિતાભ ડાંગી જ્યારે ફેસબુકનો ઉપયોગ કરી રહ્યા હતા, ત્યારે ગણીકા યાદવ નામની મહિલાએ મેસેન્જર મારફતે તેમનો સંપર્ક કર્યો હતો. મહિલાએ શેરબજાર અને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવાથી ટૂંકા સમયમાં વધુ નફો થતો હોવાનું કહી વિશ્વાસમાં લીધા હતા. આ લીંક જોઈને અમિતાભ ડાંગીએ તેમાં થોડો રસ બતાવ્યો હતો. ત્યારબાદ સાયબર ગઠિયાઓએ અમિતાભ ડાંગીને 'DEX Trade' નામની એક ફેક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી તેમજ 'શેર બજારની વિવિધ ટીપ્સ માટેના એક વોટ્સએપ ગ્રૂપમાં તેમને જોડ્યા હતા. આ ગ્રુપમાં અન્ય સભ્યો સતત ખોટા નફાના સ્ક્રીનશોટ શેર કરીને રોકાણકારોને લલચાવતા અને વિશ્વાસ જીતતા હતા. શરૂઆતમાં ઠગોએ અમિતાભભાઈ પાસેથી ૧૧ હજારનું રોકાણ કરાવ્યું અને સામે ૧૪ હજાર પરત આપીને તેમનો વિશ્વાસ કેળવી લીધો હતો. નાની રકમ પર નફો મળતાં ફરિયાદીએ વધુ નફાની આશાએ અલગ-અલગ સમયે ટુકડે-ટુકડે કુલ ૨૬.૯૮ લાખ જેટલી રકમ આરોપીઓના જણાવ્યા મુજબના બેંક ખાતાઓમાં જમા કરાવી દીધી હતી. પછી જ્યારે અમિતા ડાંગીએએ પોતાની મૂડી અને નફાની રકમ વિડ્રો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીઓએ ૩૦ ટકા કમિશન તથા વિવિધ સર્વિસ ચાર્જની માંગણી કરી રકમ આપવાનો ઈનકાર કર્યોહતો. સતત નવી રકમની માંગણી થતાં ફરિયાદીને પોતાની સાથે છેતરપિંડી થયાનો અહેસાસ થયો હતો.

# ભાવનગર મંડળમાં ટિકિટ ચેકિંગ દરમિયાન સિંગલ EFT દ્વારા અત્યાર સુધીની સર્વોચ્ચ વસુલાત

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળ ટિકિટ તપાસ દરમિયાન એક સરાહનીય તથા ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ છે. શ્રી રાજન કુમાર સિંહ, મુખ્ય ટિકિટ નિરીક્ષક (CTI)/વેરાવળ, T.N.C.R. તરીકે ટ્રેન નંબર ૧૨૯૪૫ (વેરાવળ–બનારસ એક્સપ્રેસ)ના અપર ક્લાસમાં ફરજ બજાવતા 3AC કોચ B2 અને B4માં મુસાફરોની તપાસ દરમિયાન ગંભીર અનિયમિતતા ઝડપી હતી.



ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે ગહન ચેકિંગ બાદ જાણવા મળ્યું કે ૫૪ મુસાફરોના ગ્રુપમાં ૩૬ મુસાફરો માન્ય ટિકિટ વિના અથવા અન્ય વ્યક્તિના નામે મુસાફરી કરી રહ્યા હતા. શ્રી રાજન કુમાર સિંહે અત્યંત સમજદારી, ધીરજ અને કુશળ વ્યવહાર સાથે મુસાફરો સાથે સંવાદ કરી રેલવે નિયમો મુજબ કાર્યવાહી કરી અને રૂ. ૭૮,૦૬૦/- (અઠ્ઠોતેર હજાર સાઠ રૂપિયા માત્ર) જેટલી રેલવે રકમની સફળતાપૂર્વક વસુલાત કરી.

ઉલ્લેખનીય છે કે શ્રી રાજન કુમાર સિંહ દિવ્યાંગ (શ્રવણબાધિત) છે અને તેમ છતાં તેમણે ટ્રેનમાં એકલ રીતે ફરજ બજાવતા આ સમગ્ર કાર્યવાહી સ્વયં પૂર્ણ કરી. તેમનું આ કાર્ય માત્ર ફરજનિષ્ઠા અને ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ નથી, પરંતુ અન્ય રેલકર્મચારીઓ માટે પણ પ્રેરણાસ્રોત છે. આ સિદ્ધિ ખાસ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કે ભાવનગર મંડળમાં અત્યાર સુધી કોઈપણ ટી.ટી.ઈ. દ્વારા એકલ લેન-દેન (Single EFT) મારફતે કરાયેલ આ સર્વોચ્ચ વસુલાત છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે રેલ પ્રશાસન શ્રી રાજન કુમાર સિંહના આ ઉત્તમ, સાહસિક અને અનુકરણિય કાર્ય માટે તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે તથા તેમના ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છા આપે છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૦ જાન્યુઆરીએ ગુજરાતની મુલાકાતે: રોડ શો ની તૈયારી શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

આગામી તારીખ ૧૦ જાન્યુઆરીના રોજ વાઈબ્રન્ટ ગુજરાત રીજયોનલ સમિટ માટે રાજકોટ આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે અને મોદી આગમન સાથે જ રાજકોટમાં એક રોડ શો પણ કરશે તે નિશ્ચિત છે અને આ રોડ શો માટેનો સંભવિત રૂટ પણ નિશ્ચિત કરી લેવાયો છે.



મોદી રાજકોટના આંતરરાષ્ટ્રીય વિમાની મથકે (હિરાસર) પહોચ્યા બાદ હેલીકોપ્ટર મારફત જુના એરપોર્ટ પર પહોચીને ત્યાંથી માધાપર ચોકડી સુધીનો રોડ શો કરશે અને ત્યાંથી સીધા મારવાડી યુનિર્વસિટી પર હંકારી જશે, મોદીના રોડ શો માટે તંત્ર દ્વારા આ સંભવિત રૂટના માર્ગો નવેસરથી તૈયાર કરવા, આસપાસના દબાણો હટાવવા અને રૂટના બંને તરફ હજારો લોકો ઉપસ્થિત રહી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ ગઈ છે. જેમાં આગામી દિવસોમાં વડાપ્રધાનની સુરક્ષા સંભાળતા એસપીજી સહિતના સુરક્ષા એજન્સીઓ પણ રાજકોટમાં આવશે અને તેઓ તૈયારીને આખરી સ્વરૂપ આપશે. વડાપ્રધાન મોદીના તમામ કાર્યક્રમો પીએમઓ દ્વારા તૈયાર થઈ રહ્યા છે. અને તેઓ આગામી ૧૦ જાન્યુઆરીના રોજ બપોરે ૩ વાગ્યાની આસપાસ રાજકોટ પહોચે તેવી ધારણા છે અને ૪ થી ૫ કલાકનુ તેમનુ રાજકોટમાં રોકાણ હશે જેમાં તેઓ મુખ્ય કાર્યક્રમ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં હાજરી આપશે.

વડાપ્રધાન મોદીનો રોડ શો ભવ્ય બનાવવા માટે ભારતીય જનતા પાર્ટી તૈયારી માટે ગાંધીનગર થી માર્ગદર્શન મેળવ્યુ છે. સુત્રોના જણાવ્યા મુજબ મોદીના આગમન અગાઉ ગુજરાત ભાજપના ટોચના નેતાઓ પણ રાજકોટ પહોચશે અને તેઓ કેમ્પ કરીને રોડ શો સહીતના વડાપ્રધાનના કાર્યક્રમ અંગે માર્ગદર્શન આપશે, વાઈબ્રન્ટ ગુજરાત રીજયોનલ કોન્ફરન્સ જે તારીખ ૧૦ જાન્યુઆરીના રોજ શરૂ થવાની છે તે પૂર્વે પણ રાજયના ટોચના મંત્રીઓ રાજકોટમાં પૂર્વ તૈયારી રૂપે પહોચશે અને દેશ વિદેશના મહાનુભાવો પણ આવી રહ્યા હોવાથી રાજકોટને સજાવવામાં આવશે, જાન્યુઆરી મહિનાના પ્રથમ સપ્તાહ બાદ રાજકોટમાં ચહલ પહલ વધી જશે.

# કિસાન સૂર્યોદય યોજના (KSY) હેઠળ રાજ્યના ૯૮%થી વધુ ગામોને મળે છે દિવસે વીજળી, ૧૯ લાખથી વધુ ખેડૂતો મેળવી રહ્યા છે દિવસે વીજળીનો લાભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, સુશાસનનો હેતુ છે ખેડૂતલક્ષી યોજનાઓ અને પહેલો પારદર્શક અને અસરકારક રીતે ખેડૂતો સુધી પહોંચે. ખેડૂતો ભારતની કરોડરજ્જુ છે, અને ભારતનો વિકાસ ત્યારે જ શક્ય છે, જ્યારે ખેડૂતો સમૃદ્ધ, સુરક્ષિત અને આત્મનિર્ભર હોય. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુદઢ સુશાસન હેઠળ રાજ્ય સરકાર ખેડૂતલક્ષી યોજનાઓ તમામ ખેડૂતો સુધી સફળતાપૂર્વક પહોંચાડી રહી છે, અને તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે, કિસાન સૂર્યોદય યોજના (KSY), જેના થકી આજે રાજ્યના ૧૭,૦૧૮ ગામોને એટલે કે ૯૮.૬૬% ગામોને દિવસે વીજળીનો લાભ મળી રહ્યો છે. આ યોજના હેઠળ ગુજરાતના ૧૯.૬૯ લાખ ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ છે. ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવાની ગુજરાતની સફળતા અંગે વાત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ કહે છે કે, "વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કૃષિ હિતકારી નીતિઓ અને ખેડૂતો પ્રત્યેની સંવેદનાના કારણે આજે રાજ્યના લગભગ ૯૮ ટકા ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ ગઈ છે. જેઓ બાકી છે, તેમને પણ માર્ચ ૨૦૨૬ સુધીમાં દિવસે વીજળી મળતી થઈ જશે અને આ મિશન પૂરું કરવામાં આવશે. માનનીય વડાપ્રધાનશ્રીનો આ એક ખૂબ મોટો નિર્ણય હતો, જે આપણે પૂરો કરી શક્યા એ આપણા સહુ માટે આનંદની વાત છે. ખેડૂતોને પૂરતું પાણી અને વીજળી મળવાના કારણે રાજ્યના કૃષિ ક્ષેત્રનું ચિત્ર સમગ્રતયા બદલાઈ ગયું છે અને ખેડૂત સમૃદ્ધ થયો છે."

કિસાન સૂર્યોદય યોજના હેઠળ સૂર્યપ્રકાશના કલાકોનો મહત્તમ ઉપયોગ થાય તે રીતે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે

કિસાન સૂર્યોદય યોજના વર્ષ ૨૦૨૦માં અમલી કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ ખેડૂતોને સવારના ૫.૦૦ વાગ્યાથી રાતના ૯.૦૦ વાગ્યા સુધીમાં બે સ્લોટમાં (સવારે ૫.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધીનો સ્લોટ અને બપોરે ૧.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધીનો સ્લોટ) વીજળી પૂરી પાડવાનો હતો. જોકે, યોજના અમલી બનાવ્યા પછી કૃષિ ક્ષેત્ર માટે વીજ પુરવઠાના સમયપત્રકને સૂર્યપ્રકાશના કલાકોના હિસાબથી વધુ કાર્યક્ષમ બનાવવું જરૂરી જણાયું, જેનાથી સિંગલ શિફ્ટનો કોન્સેપ્ટ પ્રકાશમાં આવ્યો. આ કોન્સેપ્ટ હેઠળ, ખેડૂતોને સૂર્યપ્રકાશના કલાકો દરમિયાન, ખાસ કરીને સવારે ૭.૦૦ વાગ્યાથી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી કૃષિ માટે વીજળી પૂરી પાડવામાં આવે છે. સૌર ઊર્જાને આ રીતે સંકલિત કરવાથી, વધુ માંગના સમયગાળા દરમિયાન ગ્રીડ પરનો ભાર ઓછો થાય છે, જેનાથી કૃષિ માટે વધુ ટકાઉ અને વિશ્વસનીય વીજ પુરવઠો સુનિશ્ચિત થાય છે. હાલ આ યોજના હેઠળ રાજ્યના ૧૭,૦૧૮ ગામડાઓને (૯૮.૬૬%) દિવસે વીજળી પૂરી પાડવામાં આવી રહી છે, તેમજ રાજ્યના ૯૮% સબસ્ટેશનોને ડે-ટાઈમ એટલે કે દિવસના સમયમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. બાકીના ૨૩૧ ગામોને આ યોજના હેઠળ આવરી લેવા માટે બાકીના ૪૫ રોટેશનલ સબસ્ટેશનોના શિફ્ટિંગનું કાર્ય પ્રગતિ હેઠળ છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ ૪૦ નવા સબસ્ટેશનો ઊભા કરવા, ૪૬૪૦.૭૩ સર્કિટ કિમી (CKM)ની ટ્રાન્સમિશન લાઈનો નાખવા તેમજ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કને મજબૂત કરવા માટે ૩૯૨૭.૭૨ સર્કિટ કિમી (CKM)ની MVCC કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા રૂા.૫૩૫૩.૬૨ કરોડનો કુલ ખર્ચ કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૬-૨૭માં નવા સબસ્ટેશનો ઊભા કરવાની તેમજ ટ્રાન્સમિશન નેટવર્ક મજબૂત કરવાની યોજના

વર્ષ ૨૦૨૬-૨૭માં, દિવસ દરમિયાન કૃષિ વીજ પુરવઠો પૂરો પાડવા માટે GETCOએ આશરે પાંચ સબસ્ટેશન અને લગભગ ૧૧૦૦ CKM ટ્રાન્સમિશન નેટવર્કને મજબૂત બનાવવાની યોજના બનાવી છે, જેનો અંદાજિત ખર્ચ રૂા.૧૦૦૦ કરોડ છે. વધુમાં વર્ષ ૨૦૨૬-૨૭માં DISCOM માટે AB કેબલ/MVCC નાખવાનો અંદાજિત ખર્ચ રૂા.૩૭૫ કરોડ છે.

'દિવસે વીજળી મળવાથી જાનવરોનો ભય દૂર થયો, સમયનો પણ ખૂબ બચાવ થયો' – કિસાન સૂર્યોદય યોજનાના લાભાર્થી

હિંમતનગર તાલુકાના કાંકરોલ ગામના ખેડૂત શ્રી જયેશ પટેલ, કે જેઓ હિંમતનગર મંડીના ચેરમેન પણ છે, તેઓ જણાવે છે કે, "પહેલા ખેડૂતોને રાત્રે વીજળી મળતી હતી, જેના કારણે રાત્રે પાણી વાળવા જવામાં તકલીફ પડતી હતી.

# હવે તમામ મિલ્કતો માટે પેઢીનામુ નિકળશે : સોગંદનામાના બદલે સ્વ ઘોષણાના પત્રના આધારે પેઢીનામુ કાઢી આપવાની જવાબદારી સોંપાઈ તલાટીઓને

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મહેસુલ વિભાગે પેઢીનામાના પરીપત્રમાં સુધારો કરી ખેતીની જમીન અને બિનખેતીના ખુલ્લા પ્લોટ સિવાયની સ્થાવર મિલ્કતો માટે પણ પેઢીનામુ તલાટી કમ મંત્રીઓએ કાઢી આપવાની સત્તા આપેલ છે. આ ઉપરાંત પેઢીનામા માટે સોગંદનામાના બદલે અરજદારે સ્વઘોષણા પત્ર આપવાનો રહેશે.



મહેસુલ વિભાગના નવા પરીપત્રમાં જણાવાયુ છે કે મહેસુલ વિભાગના તારીખ ૧૪/૫/૨૦૧૪ ના પરીપત્ર થી પેઢીનામા તૈયાર કરવા અંગેની સુચનાઓ બહાર પાડેલ છે. તેમાં ખેતીની અને બિનખેતીની જમીન (ખુલ્લા પ્લોટ) ની વારસાઈ અંગે પેઢીનામુ બનાવવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેનુ અર્થઘટન ફકત ખેતીની જમીન તથા બિનખેતીની જમીન (ખુલ્લા પ્લોટ) નુ જ પેઢીનામુ તૈયાર કરવાનુ રહે છે તેવુ જણાવવામાં આવ્યુ છે તેથી તારીખ ૧૪/૫/૨૦૧૪ ના પરીપત્રમાં સુધારો બહાર પાડવામાં આવ્યો છે. નવા સુધારા મુજબ ખેતીની જમીન તથા બિનખેતીની જમીન (ખુલ્લા પ્લોટ) ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં તથા શહેરી વિસ્તારમાં પરંતુ સીટી સર્વે દાખલ થયેલ ન હોય તેવા વિસ્તારમાં આવેલ મકાનો, ફલેટ, એપાર્ટમેન્ટ, વાણીજય દુકાનો, ઓફીસો જેવી તમામ સ્થાવર મિલ્કતો (ઈમલા સહિતની મિલ્કતો ) બાબતે પણ સંબંધીત તલાટી કમ મંત્રી / સીટી / કસ્બા તલાટીએ પેઢીનામુ બનાવી આપવાનુ રહેશે.

ઉપરાંત જે વ્યકિતનુ અવસાન રહેણાંકના સ્થળ અથવા વતનના સ્થળ સિવાયના સ્થળે થાય તો તેવા કિસ્સામાં પણ જે તે વ્યકિતનુ પેઢીનામુ તેના સ્થાયી રહેઠાણના સ્થળ અથવા વતનના સ્થળના તલાટીએ કરવાનુ રહેશે. અરજદાર ને વતન કે રહેણાંકના સ્થળ ના તલાટીને અરજી કરવાનો વિકલ્પ ઉપલબ્ધ રહેશે. અરજદાર દ્વારા જે સંબંધીત તલાટીને અરજી કરવામાં આવે તે તલાટીએ આ કામગીરી પુર્ણ કરવાની રહેશે. મહેસુલ વિભાગના તારીખ ૧૪/૫/૨૦૧૪ ના પરીપત્રમાં જયાં સોગંદનામા શબ્દનો ઉલ્લેખ છે તેના બદલે સ્વ ઘોષણા ધ્યાને લેવાની રહેશે. જયારે મહેસુલ વિભાગના તારીખ ૧૪/૫/૨૦૧૪ ના પરીપત્રની અન્ય બાબતો યથાવત રહેશે.


**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કાર્ય**

વિભાગીય રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ટેન્ડર સૂચના નં. BCT/25-26/284 આમંત્રિત કરે છે. તારીખ: 18.12.2025. કામ અને સ્થાન: ઉધના-ઉકાઈ સોનગઢ-થ્રુ સ્લીપર રિન્યુઅલ (P)-23.059 TKM દ્વારા કોન્ટ્રાક્ટરના PQRS પોર્ટલ (S & T ભાગ સહિત સંયુક્ત ટેન્ડર)-(R-2). અંદાજિત કામની કિંમત: રૂ 5,72,45,494.29 EMD : રૂ 4,36,200.00 સબમિશનની તારીખ અને સમય: તા.13.01.2026 ને 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 13.01.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0915

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**સિગ્નલિંગ કાર્ય**

Sr.DSTE/નોર્થ/મુંબઈ સેન્ટ્રલ, બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008 ટેન્ડર નંબર SG_216_2_144_WA ને આમંત્રણ આપે છે. તારીખ: 18.12.2025. કાર્ય અને સ્થાન: મુંબઈ ડિવિઝન, પશ્ચિમ રેલ્વેના વિરાર, જોરા વાસણ સેક્શનના બિલીમોરા, વેદછા, નવસારી, ભેસ્તાન, સચિન, ઉધના અને સુરત ખાતે યાર્ડના સુધારણા અને અપગ્રેડેશનના સંદર્ભમાં સિગ્નલિંગ કાર્ય. અંદાજિત કાર્યની કિંમત: રૂ. 2,20,68,379.06/- EMD : રૂ. 2,60,400.00/- સબમિશનની તારીખ અને સમય: તા. 21.01.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 21.01.2026 ના રોજ 15.30 વાગ્યે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0914

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાની મુદતમાં વધારોઃ ૨૪ ડીસે.સુધી ફોર્મ ભરી શકાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષાને લઈને શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. બોર્ડ દ્વારા પરીક્ષા ફોર્મ ભરવાની અંતિમ તારીખમાં બે દિવસનો વધારો કરવામાં આવ્યો છે. જેથી રાજયના હજારો વિદ્યાર્થીઓને ફોર્મ ભરવામાં મોટી રાહત મળશે.




માર્ચ મહિનામાં યોજાનારી ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાને ધ્યાનમાં રાખીને ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. અગાઉ નકકી કરાયેલી સમય મર્યાદા પુર્ણ થવાના આરે હતી ત્યારે વિદ્યાર્થીઓના હિતમાં બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. નવી સુચના અનુસાર હવે વિદ્યાર્થીઓ ૨૪ ડીસેમ્બર સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

ફોર્મ ભરવાની પ્રક્રિયા પુર્ણ થયા બાદ જો કોઈ કોઈપણ પ્રકારની ભુલ રહી ગઈ હોય તો શાળાના આચાર્યો તારીખ ૨૬ ડીસેમ્બર સુધી ઓનલાઈન સુધારા વધારા કરી શકશે. નામ, વિષય, જન્મ તારીખ સહિતની વિગતોમાં ભુલ ન રહે તે માટે આ સમયમર્યાદા નકકી કરવામાં આવી છે.

સામાન્ય રીતે ફોર્મ ભરવાની પ્રક્રિયા દરમિયાન સર્વરની સમસ્યા, ટેકનીકલ ખામીઓ અથવા અન્ય કારણોસર કેટલાક વિદ્યાર્થીઓ સમયસર ફોર્મ ભરી શકતા નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને બોર્ડ દ્વારા સમય મર્યાદા લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બે દિવસના વધારાથી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને મોટી રાહત મળી છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને સુચનાઓ આપવામાં આવી છે કે નિયત સમયમર્યાદામાં તમામ પાત્ર વિદ્યાર્થીઓના ફોર્મ ભરી દેવામાં આવે, સાથે જ કોઈપણ પ્રકારની માહિતીમાં ભુલ ન રહે તે માટે આચાર્યોએ ૨૬ ડીસેમ્બર સુધીમાં તમામ ડેટાની ચકાસણી અને વેરીફીકેશન પુર્ણ કરવાની રહેશે.

# સરકારી પ્રવકતા મંત્રીઓ મીડીયાનો ફોન રીસીવ ન કરતા મીડીયા આલમમાં મંત્રીઓ બન્યા ચર્ચાસ્પદ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સરકારના નવનિયુકત મંત્રી મંડળમાં સરકારી પ્રવકતા મંત્રી તરીકે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી જીતુ વાઘાણીને સોંપવામાં આવી છે,





આ સરકારી પ્રવકતા મંત્રીઓ દ્વારા સરકાર દ્વારા કરેલા વિકાસના કામો સહિતની કામગીરી મીડીયાના માધ્યમથી પ્રસિધ્ધ કરવામાં આવતી હોય છે. સરકારના તમામ વિભાગો ની માહિતી સરકારી પ્રવકતા મંત્રીઓ પાસેથી મળી રહેતી હોય છે. સરકાર દ્વારા મીડીયાને માહિતી આપવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને સરકાર દ્વારા કામગીરી સોંપવામાં આવી છે. મંત્રીઓ પોતાના વિભાગની માહિતી આપતા નથી, ખુદ મંત્રીઓ કહી રહ્યા છે કે માહિતી લેવી હોય તો સરકાર દ્વારા પ્રવકતા મંત્રીઓની નિમણુંક કરવામાં આવી છે. સરકારી પ્રવકતા મંત્રીઓ પાસેથી જે તે વિભાગની માહિતી મળી રહેશે. પરંતુ અહીંયા તો સરકાર દ્વારા મુકવામાં આવેલા પ્રવકતા મંત્રીઓ દ્વારા મીડીયાના ફોન રીસીવ કરવામાં ન આવતા મીડીયા આલમમાં ચર્ચાનો દોર શરૂ થઈ જવા પામ્યો છે. મીડીયાના મિત્રો જયારે પણ સરકારી પ્રવકતા મંત્રીઓને મળવાની કોશિષ કરે ત્યારે મુલાકાતીઓની ભીડ હોવાને કારણે મીડીયાને જરૂરી માહિતી મળી શકતી નથી. ત્યારે સરકારી પ્રવકતા મંત્રીઓ દ્વારા મીડીયાના ફોન રીસીવ કરવામાં આવે અને જરૂરી માહિતી આપવામાં આવે તેવી મીડીયા આલમમાં માંગ ઉઠવા પામી છે.

# હવે ખાનગી હોસ્પીટલોએ વેન્ટીલેટરના ખર્ચ સહિતની તમામ વિગતો દર્દીના પરીવારને બતાવવી પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકારે ખાનગી હોસ્પીટલો માટે વેન્ટીલેટર બિલીંગ નિયમોનુ પાલન કરવુ ફરજીયાત કરી દીધુ છે, જે અંતર્ગત હવે હોસ્પીટલોએ દર્દીને વેન્ટીલેટર પર રાખતા પહેલા પરીવારજનોની લેખિત મંજુરી લેવી પડશે, સાથે સાથે તેનો સંભવિત ખર્ચ અગાઉથી બતાવવો પડશે, સ્વાસ્થ્ય મંત્રાલયના નવા દિશા નિર્દેશ અનુસાર ખાનગી હોસ્પીટલોએ વેન્ટીલેટર નિયમોનુ સખ્તાઈથી પાલન કરવુ પડશે,



હવે કોઈપણ ખાનગી હોસ્પીટલ દર્દીને વેન્ટીલેટર પર રાખતા પહેલા એના પરીવારજનો પાસેથી સ્પષ્ટ લેખિત સહમતિ લેવી પડશે, ડોકટરે એ બતાવવુ જરૂરી છે કે વેન્ટીલેટર શા માટે લગાવવામાં આવી રહ્યુ છે, એનાથી શું ફાયદો થશે શું જોખમ છે અને કેટલા સમય સુધી તેની જરૂર પડી શકે છે, સાથે સાથે એ પણ સ્પષ્ટ બતાવવુ પડશે કે આઈસીયુ અને વેન્ટીલેટરનો રોજનો કેટલો ખર્ચ થશે, વેન્ટીલેટરના ઉપયોગમાં પારદર્શિતા માટે લાગુ નવા દિશા નિર્દેશોને હાલમાં જ ડાયરેકટરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસીઝની વેબસાઈટમાં નાખવામાં આવ્યા છે. મામલા સાથે સંકળાયેલા અધિકારીઓનુ કહેવુ છે કે આનો ઉદેશ ખાનગી હોસ્પીટલો દ્વારા વેન્ટીલેટર ઉપયોગમાં પારદર્શિતા લાવવાનો છે. જેથી સામાન્ય લોકો પર કોઈ પ્રકારનુ નાણાંકીય સંકટ ઉભુ ન થાય, સાથે સાથે ખાનગી સ્વાસ્થ્ય સિસ્ટમમાં ભરોસો બહાલ થાય,

હવે વેન્ટીલેટર સાથે સંકળાયેલા બધા ચાર્જ જેવા મશીન ખર્ચ, આઈસીયુ ઉપયોગમાં લેવાતી વસ્તુઓ વગેરે બિલીંગમાં, વેબસાઈટમાં કાઉન્ટર બતાવવા પડશે. બીલને લઈને કોઈ વાંધા સામે ફરીયાદો કરી શકાશે અને તેનો જવાબ હોસ્પીટલોએ નિશ્ચિત સમયમાં આપવો પડશે, બીલ વેન્ટીલેટરના ઉપયોગના આધારે આપવો પડશે. ઘણા કિસ્સામાં બંધ હોય તો પણ તેનો ચાર્જ વસુલાતો હોય છે. હોસ્પીટલોએ દર્દીઓના ઈલાજનુ પરીણામ, મૃત્યુ દર, વેન્ટીલેટર સપોર્ટનો સમય વગેરેનો રેકોર્ડ સુરક્ષિત રાખવો પડશે, જયારે એજન્સી માંગે ત્યારે ઉપલબ્ધ કરાવવો પડશે,

# નિતિન પટેલે ભાજપ પર કર્યો બળાપો ? નિતિન પટેલે કહ્યુ ગોરખધંધા કરવાના ધંધા કરવા અને ગાડી પર ભાજપનો ખેસ લટકાવવો એ ના ચાલે

પ્રતિનિધિ,ગાંધીનગર

કડીના એક સાર્વજનિક કાર્યક્રમમાં ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે વર્તમાન કાર્યકરોને શીખામણ આપવાની સાથે સાથે હોદાના લાલચુ કાર્યકરોને આકરી ટકોર પણ કરી હતી, નિતિન પટેલે કહ્યુ કે કારમાં ભાજપનો ખેસ લહેરાવવાથી કે ગળામાં ભાજપનો ખેસ ધારણ કરવાથી નેતા નથી બની જવાતુ,



ગુજરાત ભાજપમાં નવા બનનારા સંગઠનના માળખા પૂર્વે ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે આજે સોમવારે કડી ખાતે યોજાયેલા સહકારીતા સંમેલનમાં આકરૂ વલણ દાખવ્યુ હતું. નિતિન પટેલે કોંગ્રેસના શાસન સમયના ભાજપના કાર્યકરના સંઘર્ષને યાદ કરી નવા યુવા કાર્યકરોને ટકોર કરતા કહ્યુ કે કાર માં કે ગળામાં ભાજપનો ભગવો ખેસ લટકાવવાથી કોઈ નેતા નથી બની જતુ, આજકાલ તો ગોરખધંધા કરવાનો ધંધા કરનારા પણ ભાજપનો ભગવો ખેસ ધારણ કરીને ફરે છે. સાચુ શું છે તેની બધાની ખબર પડે છે, હવે લોકો છેતરાતા નથી, આગામી સમયમાં ભાજપનુ સંગઠન પર્વ આવશે તેને ધ્યાને રાખીને નિતિન પટેલે હોદાના લાલચુઓને ટકોર કરતા કહ્યુ કે કેટલાક લોકો ભાજપનો ખેસ પહેરીને યુવાનો સીધા હોદા માંગવા આવી જાય છે. તમે કોઈ મહેનત કે પરીશ્રમ કર્યો નથી, સીધુ પદ મળવુ અઘરૂ છે.

નિતિન પટેલે કોંગ્રેસના શાસનકાળ દરમિયાન ભાજપના સમય અને કાર્યકરોના સંઘર્ષને યાદ કરી દાખલા દલીલ સાથે નવા કાર્યકરોને શીખ આપતા કહ્યુ કે ધીમે ધીમે આગળ વધી શકાય, સહકારી ક્ષેત્ર એ તબકકાવાર આગળ વધવાનુ ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયુ છે.

ઉલ્લેખનીય છે કે આજકાલ ભાજપના ઘણા વરીષ્ઠ કાર્યકર્તાઓ પક્ષમાં પહેલા જેવી સ્થિતિ ન હોવાનુ રાવ કરતા જોવા મળે છે. કેટલાક કાર્યકરો તેમના માન સન્માન જળવાતુ ન હોવાનુ તો કેટલાક ભાજપના ખેસ ધારણ કરીને હોદો મેળવી લીધા હોવાનુ દાખલા દલીલો કરતા પણ જોવા મળે છે.

# કુંવરજી હળપતિ બાદ વધુ એક પૂર્વ મંત્રી રાઘવજી પટેલને બદનામ કરતી પોસ્ટ સોશીયલ મીડીયામાં મુકીઃ બે આઈડી ધારકો સામે નોંધાઈ પોલીસ ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના પૂર્વ મંત્રી કુંવરજી હળપતિ બાદ વધુ એક જામનગરના ગ્રામ્યના ધારાસભ્ય અને રાજયના પૂર્વ કૃષિ મંત્રી રાઘવજી પટેલે સોશીયલ મીડીયા પર બદનામી કરવા બદલ બે આઈડી ધારકો સામે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. આ જ આઈડી ધારકો સામે અગાઉ જામનગરના એક બિલ્ડર પિતા પુત્રએ પણ બદનક્ષીની ફરીયાદ નોંધાવી હતી. જેના કારણે આ મામલે ભારે ચકચાર જાગી છે,



પૂર્વ મંત્રી રાઘવજી પટેલે ગઈકાલે સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો હતો. તેમણે ફેસબુક અને ઈન્સ્ટ્રાગ્રામ આઈડી ધારકો દ્વારા તેમને સોશીયલ મીડીયાના માધ્યમથી બદનામ કરવામાં આવ્યા હોવાની ફરીયાદ કરી હતી, જામનગરના સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં રાઘવજી પટેલ દ્વારા નોંધાવવામાં આવેલી ફરીયાદના આધારે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૩૧ (૨), ૩૩૧(૪), ૩૫૨,૩૫૧, તથા આઈટી એકટ કલમ ૧૧ (સી) હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ ફેસબુક આઈડી વપરાશકર્તા વિશાલ કણસાગરા અને ઈન્સ્ટ્રાગ્રામ આઈડી વપરાશકર્તા વી કણસાગરાએ ૭૭ એ પૂર્વ મંત્રીના ફોટા અને તેમની મંજુરી વગર મેળવી લીધા હતા. આ ફોટોગ્રાફસને આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ (એઆઈ) દ્વારા એડીટ કરીને વિકૃત કરવામાં આવ્યા હતા. આરોપીઓએ બદનક્ષી થાય તેવા લખાણ સાથેના ખોટા ઈલેકટ્રોનીક રેકોર્ડ અને વિડીયો બનાવીને પૂર્વ મંત્રીની પ્રતિષ્ઠાને હાનિ પહોચાડી હતી. આ કૃત્ય પાછળ સમાજમાં બદનક્ષી કરવી, નાણાં પડાવવા અથવા સસ્તી પ્રસિધ્ધિ મેળવવાનો ઈરાદો હોવાનુ ફરીયાદમાં જણાવાયુ છે. આ ફોટા અને વિડીયો તેમની આઈડી પર અપલોડ કરીને વાયરલ કરવામાં આવ્યા હતા.

સાયબર ક્રાઈમના પીઆઈ આઈ એ ઘાસુરા અને તેમની ટીમ દ્વારા આ સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે, પોલીસ બિલ્ડર જમનભાઈ ફળદુ અને પૂર્વ મંત્રી રાઘવજી પટેલે બંનેને અપમાનજનક કૃત્ય કરનાર ઉપરોકત આઈડી ધારક શખ્સોની શોધખોળ શરૂ કરી છે, પૂર્વ મંત્રી રાઘવજી પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે મેં જિલ્લા પોલીસવડા જામનગર ને એક અરજી આપી અને ફરીયાદ નોંધાવી છે કે મારી વિરૂધ્ધ અમુક લોકો ષડયંત્ર કરી એઆઈ ટેકનોલોજીના માધ્યમથી સોશીયલ મીડીયા દ્વારા વિકૃત તસ્વીરો બનાવી ખોટા લખાણો દ્વારા મારી કારકિર્દીને નુકશાન થાય અને મને બદનામી મળે એવા હેતુસર પોસ્ટો મુકવામાં આવે છે. જેની સામે મેં રજુઆત કરી છે, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે મારી સાથે જ જામનગરના સાંસદ પુનમબેન માડમ અને રાજયસભાના સાંસદ પરીમલ નથવાણીને પણ આવી જ રીતે વિકૃત સોશીયલ મીડીયાના પોસ્ટરોથી બદનામ કરવા માટેનુ ષડયંત્ર ચાલી રહ્યુ છે. મે જિલ્લા પોલીસવાળાની પાસે માંગણી કરી છે કે આ ષડયંત્ર કરનારના મુળ સુધી પહોચે અને અમારા કોઈ રાજકીય વિરોધીઓ દ્વારા આ પ્રવૃત્તિ થતી હોય તેણે અટકાવી અને નિયમ અનુસાર યોગ્ય નસીયત થાય એવા પગલા લેવા મેં અનુરોધ કર્યો છે.

# એક ઈંચ જમીન પણ આપીશુ નહીઃ ગ્રીન કોરીડોર સામે ચૈતર વસાવા મેદાનેઃ ડાંગમાં આદિવાસી સરપંચોનો હુંકાર

પ્રતિનિધિ,ગાંધીનગર

સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા પ્રસ્તાવિત ગ્રીન કોરીડોર પ્રોજેકટ સામે દક્ષિણ ગુજરાતના આદિવાસી પટ્ટા માં વિરોધ નો વંટોળ ઉગ્ર બન્યો છે, આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને આદિવાસી નેતા ચૈતર વસાવાની આગેવાની હેઠળ ડાંગ જિલ્લા ખાતે પ્રભાવિત ગામોના સરપંચો, ખેડુતો અને સ્થાનિક પ્રતિનિધિઓની એક વિશાળ શિબિર યોજાઈ હતી.



આ બેઠકમાં ઉપસ્થિત તમામ લોકોએ એક જ અવાજે સરકારના જમીન અધિગ્રહણના આયોજનનો વિરોધ કરી, જમીન ન આપવાનો મકકમ નિર્ધાર વ્યકત કર્યો હતો. ધારાસભ્ય ચૈતર વસાવાએ સભાને સંબોધતા આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે વિકાસના નામે સરકાર આદિવાસીઓની પૂર્વજોની જમીન છીનવવાનો પ્રયાસ કરી રહી છે, આ જમીન માત્ર માટીનો ટુકડો નથી પણ આદિવાસીઓની સંસ્કૃતિ, પરંપરા અને અસ્તિત્વ છે, અમે સ્પષ્ટ કહીએ છીએ કે અમે એક ઈંચ જમીન પર આપીશુ નહી, તેમણે વધુમાં કહ્યુ કે સરકાર જે વિકાસના કલ્પિત ફાયદા બતાવી રહી છે તે વાસ્તવમાં આદિવાસી સમાજને જડમુળથી ઉખેડી નાખવાનુ ષડયંત્ર છે. શિબિરમાં ઉપસ્થિત સરપંચો અને ખેડુતોએ આક્ષેપ કર્યો હતો કે સરકાર દ્વારા આ પ્રોજેકટ અંગે કોઈ પારદર્શક માહિતી આપવામાં આવી નથી. જમીનની કિંમત અને રોજગારીના વાયદાઓ અંગે કોઈ લેખિત ખાત્રી આપી નથી. ખેડુતોને ભય છે કે જો જમીન જશે તો પેઢીઓથી ચાલતી ખેતી અને પશુપાલનનો વ્યવસાય નષ્ટ થઈ જશે. ગ્રામસભાની મંજુરી વિના જ પ્રક્રિયા આગળ વધારવાના પ્રયાસો સામે રોષ જોવા મળ્યો હતો.

બેઠકના અંતે સર્વસંમંતિથી નિર્ણય લેવાયો હતો કે જો સરકાર જમીન અધિગ્રહણની પ્રક્રિયા પર જબરદસ્તી કરશે તો કાયદાકીય અને લોકશાહી માર્ગે આંદોલન છેડવામાં આવશે. ચૈતર વસાવાએ વિશ્વાસ અપાવ્યો હતો કે તેઓ આ મુદ્દાને સરકાર સમક્ષ રજુ કરશે અને આદિવાસીઓના હિતોનુ રક્ષણ કરવા માટે છેલ્લી ઘડી સુધી લડશે. વિકાસ અને આદિવાસી હકકો વચ્ચેની આ લડાઈ હવે વધુ તીવ્ર બની રહી છે. સાપુતારા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા પ્રવાસન સ્થળોને જોડતો આ હાઈવે પ્રોજેકટ હવે આદિવાસી અસ્મિતાના જંગમાં ફેરવાઈ ગયો હોય તેવુ જણાય છે.

# ભાજપના સાંસદ મનસુખ વસાવાએ કહ્યુ ચૈતર વસાવાએ સરકારી અધિકારીઓ પાસે ૭૫ લાખ માંગ્યાઃ ચૈતર વસાવાએ ક્હયુ પીએમ મોદીની સભામાં ભાજપના મળતીયાને બખ્ખે બખ્ખા

પ્રતિનિધિ,ગાંધીનગર

ભરૂચના ભાજપના લોકસભાના સાંસદ મનસુખ વસાવાએ આક્ષેપ કરતા કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ માર્ગ અને મકાન વિભાગના અધિકારી મોદી પાસે રૂપીયા ૭૫ લાખ લાંચ સ્વરૂપે માંગ્યા છે, મનસુખ વસાવાએ એવુ પણ કહ્યુ કે માર્ગ મકાન વિભાગના અધિકારી મોદીએ જિલ્લા કલેકટરને આ બાબતે કહ્યુ હતુ અને જિલ્લા કલેકટરે આ સમગ્ર વાત સાંસદ મનસુખ વસાવાને કરી, સાંસદ મનસુખ વસાવાએ એવુ પણ ક્હયુ કે સરકારી અધિકારીને સલાહ આપવામાં આવી છે કે એક પણ રૂપીયો ચૈતર વસાવાને આપવો નહી, મનસુખ વસાવાએ એવુ પણ કહ્યુ કે ચૈતર વસાવા પહેલા અધિકારીઓ પાસે માહિતી માંગે છે અને પછી તોડપાણી કરવાનુ કામ કરે છે, આ જ એનુ મુખ્ય કામ છે, રૂપીયા ૭૫ લાખ માંગ્યા હોવાની જિલ્લા કલેકટરે મને અને જિલ્લા ભાજપ પ્રમુખની ઉપસ્થિતિમાં કરી હતી. કલેકટર નામજોગ થોડુ ખોટુ કહેવાના છે તેવો પ્રતિ પ્રશ્ન પણ સાંસદ વસાવાએ કર્યો હતો. જેની સામે ડેડીયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ મનસુખ વસાવા અને ભાજપને ખુલ્લો પડકાર ફેંકયો છે કે રૂપીયા માંગ્યા હોવાનો પુરાવો રજુ કરે, સાંસદો તો ગમે તે બોલે એ સાચુ થોડુ હોય, મારા મોબાઈલની કોલ ડીટેઈલ મંગાવે અને તે જાહેર કરે તેવુ ચૈતર વસાવાએ જણાવ્યુ હતું. ચૈતર વસાવાએ એવો આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાનની જાહેરસભામાં પાણીના કરોડોના બીલ ઉધારવામાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય કામો પણ ભાજપના મળતીયાની એજન્સીને આપીને રૂપીયા ચુકવાયા છે, જો ખોટી રીતે ચુકવાયેલા બીલ એક સપ્તાહમાં પાછા નહી લેવામાં આવે તો આંદોલન કરવાની ફરજ પડશે તેવુ ચૈતર વસાવાએ કહ્યુ હતું.





# જિગ્નેશ મેવાણીની પાર્ટી કોંગ્રેસમાં જ મેવાણીનો વિરોધઃ મેવાણીને રોકવા સીનીયર નેતાઓ મેદાનેઃ પદ નાબુદ કરવા સુધીની તૈયારી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે કોંગ્રેસમાં પણ હવે વાસણો ખખડવાનુ શરૂ થયુ છે. વિપક્ષ કોંગ્રેસમાં સત્તા અને હોદાની સાઠમારી ફરી સપાટી પર આવી છે, એક તરફ યુવા ધારાસભ્ય જિગ્નેશ મેવાણી રાજયમાં દારૂ અને ડ્રગ્સના દુષણ સામે સરકાર સામે બાથ ભીડી રહ્યા છે.



તો બીજી તરફ તેમના જ પક્ષના કેટલાક નેતાઓ તેમને કદ પ્રમાણે વેતરી નાખવા માટે મેદાને પડયા છે, આ આંતરીક ખેંચતાણને કારણે પ્રદેશ કોંગ્રેસના સંગઠનના માળખાની જાહેરાત અટકી પડી છે,

સુત્રોના કહેવા પ્રમાણે કોંગ્રેસનુ એક જુથ જિગ્નેશ મેવાણીને કાર્યકારી અધ્યક્ષ તરીકે જોવા નથી માંગતુ, આ વિરોધ એટલી હદે વકર્યો છે કે વિરોધી જુથ હવે એવી રજુઆત કરી રહ્યુ છે કે પ્રદેશ કોંગ્રેસ ના માળખામાં કાર્યકારી અધ્યક્ષનો હોદો જ ન હોવો જોઈએ. આખોય મામલો હવે દિલ્હી હાઈકમાન્ડ સુધી પહોચ્યો છે. જેના કારણે સંગઠનની રચનામાં વિલંબ થઈ રહ્યો છે. કોંગ્રેસ હાઈ કમાન્ડે ગુજરાતમાં સંગઠનને મજબુત કરવા માટે નિષ્ક્રિય અને લંગડા ઘોડા સમાન નેતાઓને સાઈડ લાઈન કરવાની નિતિ અપનાવી છે. જગદીશ ઠાકોર અને સિધ્ધાર્થ પટેલ જેવા નેતાઓ સ્વેચ્છાએ માર્ગદર્શક મંડળમાં જતા રહ્યા છે. પરંતુ ભરતસિંહ સોલંકી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં પોતાના મળતીયાઓને ટીકીટ અને હોદા અપાવવા માટે અત્યાર થી જ સક્રિય થયા હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

જો કે તાજેતરમાં પોતાના જન્મદિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભરપેટ પ્રશંસા કરવા બદલ કોંગ્રેસ હાઈકમાન્ડ ભરતસિંહ સોલંકીથી ભારોભાર નારાજ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. તો બીજી તરફ કેન્દ્રીય હાઈકમાન્ડે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને ટીમ બનાવવા માટે છુટો દોર આપ્યો છે. ચાવડાએ પોતાની ટીમમાં જિગ્નેશ મેવાણી ઉપરાંત લાલજી દેસાઈ, ગેનીબેન ઠાકોર, પાલ આંબલીયા, અનંત પટેલ, કિરીટ પટેલ અને વિમલ ચુડાસમા જેવા આક્રમક નેતાઓને સ્થાન આપ્યુ છે.

આ નવી આક્રમક ટીમને મળી રહેલા જનસમર્થનથી વરસોથી અડીંગો જમાવીને બેઠેલા કેટલાક નેતાઓના પેટમાં તેલ રેડાયુ છે. હાલ તો ચુંટણી પહેલા કોંગ્રેસમાં જુથવાદનો જવાળામુખી ફાટવાની તૈયારીમાં છે. ત્યારે કેન્દ્રીય હાઈકમાન્ડ મેવાણી અને અન્ય યુવા નેતાઓ બાબતે શું નિર્ણય લે છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

# ઉના તાલુકા અહેમદપુર માંડવી બીચ ઉપર ડોલ્ફિનનું આગમન

(સંપૂર્ણ સમાચાર સેવા)ઊના

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકા અહમદપુર માંડવી બીચ જે ડોલ્ફિન બીચ તેમજ ફેમિલી બીચ તરીકે ઓળખાય છે. હાલ શિયાળાની સિઝનમાં ત્યાં આવેલા સાત કિલોમીટર સીમર, નવાબંદર, દીવના કિલ્લાની વચ્ચે આવેલા વિશાળ દરિયા કિનારાની અંદર ડોલ્ફિન માછલીઓનું આગમન થઈ ગયું છે. ડોલ્ફિન જે મનુષ્ય પછી બીજું પૃથ્વી ઉપરનું બુદ્ધિશાળી પ્રાણી છે. દરિયામાં ડોલ્ફિન જોવા માટે મોટીસંખ્યામાં લોકો ઉમટી પડે છે. ડોલ્ફિન માછલીનો અત્યારે પ્રજનન અને બચ્ચા ઉછેર કરવાનો સમય હોય છે. જેના કારણે લાંબો રૂટ પાર કરી ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયા કિનારામાં વિશાળ પ્રમાણમાં ડોલ્ફિન જોવા મળે છે. અહેમદપુર માંડવી બીચ પર સમુદ્ર સેવા ટ્રસ્ટ અને એડવેન્ચર વોટર સ્પોર્ટ્સ દ્વારા દરરોજ સવારે સાત વાગ્યાથી લઈ બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધી ૪૦થી ૪૫ના જથ્થામાં ડોલ્ફિન સફારીનું આયોજન કરવામાં આવે છે. આ એકમાત્ર એવું સ્થળ છે જ્યાં તમે ડોલ્ફિન શાંતિથી અને આરામથી નિહાળી શકો છો. ડોલ્ફિનના આગમાનથી પ્રવાસીઓ પણ દરિયા કિનારે ડોલ્ફિનને નિહાળવા વહેલી સવારથી આવી પહોંચે છે. દરિયામાં ડોલ્ફિનના અદભૂત દ્રશ્યો નિહાળી રોમાંચિત બની જાય છે.